જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૮/૨૦૧૪ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૩/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૩૦ વ્યક્તિઓને ઝડપી ૯૫ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇગ્લીશ દારૂ, ૬૦ બિયર ટીન, ૧ કાર અને ૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૬૦ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૪,૪૭,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૭૪/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશીષ :- સમાચાર યાદી નં.૨૦૭૫/૧૪

**રામોલ** : હિરેનસિંહ રણજીતસિંહ જાડેજા (ઉ.વ.૨૮)(રહે. રાધે કિશન રેસીડન્સી, કર્ણાવતી ચાર રસ્તા પાસે, વસ્ત્રાલ) એ વા.સા.હોસ્પીટલ ખાતે રામોલ પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૮/૧૪ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) શીલુ અને (૨) શ્રીરામ ચૌહાણ (જે બંનેના પુરા નામ સરનામાની ખબર નથી) સાથે ગાડીમાં પેસેન્જરો બેસાડવા બાબતે બોલાચાલી ઝઘડો થતાં આરોપી શ્રીરામે હિરેનસિંહને પકડી રાખી અને શીલુએ હિરેનસિંહનાં શરીરે ચપ્પાના ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી જાનથી મારી નાંખવાની કોશીષ કરી બંને આરોપીઓ નાસી ગયેલ છે. આ ગુનાની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પી.આઇ.સોલંકી ચલાવે છે.

## અપહરણઃ- સમાચાર યાદી નં.૨૦૭૬/૧૪

**વેજલપુર** : ફિરોઝબાનુ મયુદ્દીન શેખ (ઉ.વ.૧૬)(રહે.સનરાઇઝ પાર્ક, બરફની ફેક્ટરી પાસે, જુહાપુરા, વેજલપુર) ને તા.૯/૮/૧૪ બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે જુહાપુરા અફજલ ટાવર શાકભાજી માર્કેટમાંથી ઘર નજીક રહેતો આરોપી ઇમરાન (જેના પુરા નામની ખબર નથી) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ ફિરોઝબાનુની માતા પરવીનબાનુ શેખે તા.૧૧/૮/૧૪ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.મિર્ઝા ચલાવે છે.

**દરીયાપુર** : વનિતાબહેન જગદીશભાઇ બાવા (ઉ.વ.૧૬)(રહે.મેણવાસના કાચા છાપરાંમાં, દરીયાપુર) ને તા.૮/૮/૧૪ કલાક ૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી નરેશ ઉર્ફે કાલીયો સુરેશભાઇ રાવત ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ વનિતાબહેનનાં પિતા જગદીશભાઇ બાવાએ તા.૧૧/૮/૧૪ નારોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એન.પંચાલ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૦૭૭/૧૪**

**એલીસબ્રીજ :** પ્રશાંતભાઇ સુર્યકાન્તભાઇ દલાલ (રહે.સમસ્ત બ્રહ્મક્ષત્રીય સોસાયટી, ચંદનગર, પાલડી ભઠઠા) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૮/૧૪ બપોરનાં ૩/૦૦ થી તા.૧૦/૮/૧૪ રાતનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.ગોપાત ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૮/૧૪**

**માધવપુરા :** ધર્મેશભાઇ રાજેન્દ્રભાઇ દંતાણી (રહે, હીલવાસ રમેશ કોલોની, સરદારનગર) એ તા.૧૧/૮/૧૪ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૮/૧૪ સાંજના ૫/૦૦ વાગે શાહીબાગ રિલાયન્સ મોલના દરવાજા નજીક પાર્ક કરેલ પોતાની ઓટોરીક્ષા નંબર જીજે ૧ સી.ઝેડ.૫૯૧૮ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમસિહ ચંદ્રસિંહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૦૭૯/૧૪**

**ઓઢવ :** રચનાબહેન સુનિલભાઇ ખેંગાર (ઉ.વ.૨૨)(રહે.મયુર ડેરીની સામે, ખોડીયારનગર ઓઢવ) તા.૪/૮/૧૪ નાં કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પ્રાયમસ ઉપર ચા બનાવતાં હતા દરમ્યાન પ્રાયમસમાં ભડકો થતાં દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૮/૧૪ કલાક ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.મોરી ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૦/૧૪**

| | |
|---|---|
| **ઓઢવ :** મહેશભાઈ બચુભાઇ પરવડા (ઉ.વ.૨૨)(રહે.ભુમીપાર્ક સોસાયટી, ખોડીયારનગર, ઓઢવ) તા.૧૩/૭/૧૪ ના કલાક ૭/30 વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ લીટીવાળો શર્ટ અને કાળુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઇંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **ઓઢવ :** બિનાબહેન લક્ષ્મણભાઇ કોડીરામ (ઉ.વ.૧૯)(રહે.ગાયત્રી કોલોની, અમૃત વિધાલયની બાજુમાં, ઓઢવ) તા.૧૮/૭/૧૪ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનુ ટોપ અને આસમાની રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.